**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૩ ઑક્ટોબર ૨૦૧૩**

## પેટ્રલ પંપ પર નાના ગેસ સિલિંડર આપવાનું ભૂલભરેલું : રામ નાઈક

**મુંબઈ,ગુરૂવાર :** "દિલ્લી, મુંબઈ, બેંગલુરૂ જેવા મહાનગરો ના પેટ્રોલ પંપ પર સબસીડી વગરના પાંચ કિલો ના સિલિંડર ઉપલબ્ધ કરવાની જાહેરાત ગઈકાલે પેટ્રોલિયમ પ્રધાન ડૉ.મોઈલી કરેલ છે. જે મૂળ ઉદ્દેશ્ય સાથે વાજપેયી સરકારે ૫ કિલો ના સિલિંડર બજાર માં લાવ્યા હતા તે હેતૂ જ આ નિર્ણય ને કારણે માર્યો જશે. ગરીબોને ૧૪.૨ કિલો ના સિલિંડર પોસાતા નથી, તેમજ દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં આટલા મોટા અને ભારે સિલિંડર ની માથા પર ઉપાડી લે મૂક કરવી મૂશ્કેલ છે, માટે અમે આ સિલિંડરો પહેલાં ઉપલબ્ધ કરાવ્યા હતાં", આ મુજબની ટીકા માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે કરેલી છે.

આ સંદર્ભે બહાર પાડેલ અખબારી યાદીમાં શ્રી રામ નાઈકે કહ્યું છે કે, "માત્ર પ્રસિદ્ધિ માટે આ નિર્ણય મનમોહન સિંહ સરકારે લીધેલ છે. મહાનગરમાં પેટ્રોલ પંપ પર પાંચ કિલોના સિલિંડર મૂકશો કઈ રીતે ? તેની નોંધ કઈ રીતે રાખશો ? તેમજ તેને લે મૂક કરવા માટે પંપ પર ના કર્મચારીઓ પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે ખરા ? આ મૂદ્દાઓ સુરક્ષિતતાની દ્રષ્ટિ એ અતિશય મહત્વનાં છે.વધતો આતંકવાદ ધ્યાનમાં લેતા આમાંના જોખમો કઈ રીતે ટાળી શકાશે તેના પર પેટ્રોલિયમ પ્રધાને કોઈ જાતનો વિચાર કર્યો નથી. ગરીબો માટે તૈયાર કરેલા આ ૫ કિલોના સિલિંડર સબસીડી વગર મુંબઈ ખાતે રૂ.૩૬૨ માં મળવાના છે તેનાથી ઉલ્ટું ૧૪.૨ કિલોના સબસીડી વાળા સિલિંડર તેના કરતા થોડા જ  વધુ કિમતે એટલે કે રૂ.૪૪૧ માં મળવાના હોય તેવે સમયે આ ઉપક્રમ સફળ થવાનો આમેય મૂશ્કેલીભર્યો છે. હાલના ગેસ ગ્રાહકોને પણ આ મળશે કે કેમ તે બાબત નું સ્પષ્ટીકરણ થવું આવશ્યક છે."

પોતાના ગેસ વિતરક બાબતે ગ્રાહક અસંતુષ્ટ હોય, તો વિતરક બદલવાનો પર્યાય આપવાના નિર્ણય નું શ્રી રામ નાઈકે સ્વાગત કરેલ છે. સામાન્ય ગ્રાહકની સતામણી કંઈક અંશે આ રીતે અટકશે, તેમજ વિતરકે સારી સેવા આ કારણસર આપવી પડશે, તેવી આશા શ્રી રામ નાઈકે અખબારી યાદીના અંતે વ્યકત કરી હતી.

**(કાર્યાલય સચિવ)**